| | |
|---|---|
| દાખલ તારીખ | ૦૮/૦૫/૨૦૧૨ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૦૮/૦૫/૨૦૧૨ |
| ફેંસલ તારીખ | ૩૧/૦૭/૨૦૨૬ |
| સમયગાળો | <u>વર્ષ</u> <u>માસ</u> <u>દિવસ</u> |

**<u>મે.લાલપુરના એડિશ્નલ ચીફ જયુડિશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ સમક્ષ</u>**

**ફોજદારી કેસ નં.૩૭૩/૨૦૧૨**
આંક–

**ફરિયાદી:– શ્રી સરકાર**

**–– //<u>વિરૂધ્ધ</u> //––**

**આરોપીઓઃ– (૧) આલાભાઇ ડાયાભાઇ વિંજુડા,(એબેટેડ)**
ઉવ.૨૮,
રહે. મોટીરાફુદળ ગામ, તા.લાલપુર.
જી.જામનગર.

**(૨) ઇકબાલભાઇ દાદભાઇ જુણેજા,**
ઉવ.૪૫
રહે. મહારાજા સોસાયટી, હાપા રોડ,
જામનગર.

**(૩) રીયાઝખાન ઉર્ફે મુન્નો મહેબુબખાન પઠાણ,**
ઉવ.૩૩
રહે. સીલ્વર પાર્ક બ્લોક નં.એફ ૬૮, કાલાવડ રોડ,
જામનગર.

**(૪) જીતેન્દ્રસિંહ ઉર્ફે હકુભા જશુભા જેઠવા,**
ઉવ.૪૦
રહે. શાંતીનગર, સર્વેશ્વર મહાદેવના મંદિર પાસે,
જામનગર.

---

**ગુન્હો–ઇ.પી.કો.કલમ–૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૫૦૬(૨), ૧૨૦(બી), ૧૧૪ મુજબનો...**

---

સરકાર પક્ષે વિદ્વાન એ.પી.પી.શ્રી કે.કે.પટેલ

આરોપીઓ તર્ફે વિ.વકીલ શ્રી જી.એમ.જીવરાણી

---

## -// ચુકાદો //-

(૧).. આ કામે ફરિયાદપક્ષનાં કેસની ટૂંકમા હકીકત એવી છે કે, લાલપુર પો. સ્ટે. પાર્ટ એ ગુના રજી. નં. ૨૭/૨૦૧૦થી તા. ૦૫/૦૫/૨૦૧૦ના રોજ ઇ.પી.કો. કલમ-૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૫૦૬(૨), ૧૨૦(બી), ૧૧૪ મુજબનો ગુનો નોંધાયેલ છે. જેમાં ફરીયાદ આપનાર શ્રી મુળજીભાઇ નથુભાઇ વારસાખીયાનાઓએ આરોપીઓ વીરુધ્ધ એ મતલબની ફરીયાદ આપેલ છે કે, ''ફરીયાદી લોકોની બધા ભાઇબહેનોની સયુંકત માલીકી જમીન લાલપુર તાલુકાના સણોસરી ગામે રેવન્યુ સર્વે નં. ૩૫/પૈકી ૭ની આવેલી છે અને તે જમીનનું ક્ષેત્રફળ હે.આ.ચો. ૩.૮૦.૪૧ છે જે બીન પિયતની જમીન છે અને આ જમીન વારસાઇ જમીન હોય ફરયાદી લોકો તેમાં હકક ધરાવે છે અને દસ જણના તેમાં નામ ચાલે છે. અને આ જમીન વેંચાણ કરવા માટે રૂા.૭૦,૦૦૦/- નો વીધો એ રીતે હીરજી ભોજા આચડી સાથે વેંચાણ કરવાનું નકકી કરેલુ અને આ વેંચાણનો વ્યવહાર મોટી રાફુદળના આલાભાઇ ડાયાભાઇ વિંઝુડાની મધ્યસ્તીથી આ વ્યવહાર નકકી કરેલો અને નકકી કર્યા મુજબ જામજોધપુર દસ્તાવેજ કરવા જવાનું હિરજી ભોજા આચડીએ અને આલાભાઇ ડાયાભાઇ વિંઝુડાનાએ ફરીયાદી લોકોને જણાવેલું અને આ જમીનના હીસ્સેદારોને ભણગોર બોલાવેલા જેથી ફરીયાદી લોકો ભણગોર ગામે પટેલ શૈલેષ કડાળીયાની મારૂતી વાન કરી તેમા ભણગોર પહોંચેલા અને ત્યા તેઓએ હિરજીભાઇને બોલાવી દેવાનુ આલાભાઇને જણાવેલુ જેથી તેઓએ હિરજીભાઇ પાછળથી આવે છે તેવુ જણાવેલુ અને આ પછી બધા જામજોધપુર ખાતે ગયેલ અને એક વકિલની ઓફીસ બહાર ઉભા રહી હિરજીભાઇએ બેસાડેલ અને જમીનના તમામ હિસ્સેદારોના નામ લખી લીધેલા અને ફોટોગ્રાફસ લીધેલા અને થોડો સમય પછી હિરજીભાઇએ આવીને ફરીયાદી લોકોને જમીનના તમામ હિસ્સેદારોને સહીઓ કરવા જણાવેલું અને તે વખતે જમીનના હીસ્સેદારોએ એવુ કહેલુ કે પહેલા જમીનના પૈસાનું ચુકવણુ કરો પછી સહીઓ કરીએ છીએ. ફરીયાદી લોકોએ આવુ કહેતા હિરજીભાઇએ પાછળથી બીજી વ્યકિત પૈસા લઇને આવે છે તેવુ જણાવેલું અને ત્યારબાદ દસ્તાવેજ નોંધવાનો સમય પુરો થઇ જતા અને ચુકવણીની

રકમ કોઇ લઇને ન આવતા હિરજીભાઇએ જમીનના હિસ્સેદારોને એવુ જણાવેલ કે બેન્ક બંધ થઇ ગયેલ છે જેથી પૈસા મળેલ નથી આવતીકાલે પૈસા આવશે ત્યારે દસ્તાવેજ કરીશું તેવુ જણાવેલ અને જમીનના હિસ્સેદારોના ફોટોગ્રાફ્સ લઇ લીધેલા અને જમીનના હિસ્સેદારો પરત પોતાના ઘરે આવી ગયેલા અને બીજા દિવસે પણ જમીનના હિસ્સેદારોએ જમીન ખરીદનાર હિરજીભાઇની રાહ જોયેલી પરંતુ તેઓ આવેલા નહીં. અને આ રીતે વેંચાણ વ્યવહાર સંપૂર્ણ થયેલો નહી અને  દસ્તાવેજ થયેલો નહીં અને ત્યારબાદ તા.૨૬/૦૨/૨૦૧૦ના રોજ મામલતદાર ઓફીસ લાલપુરમાંથી જમીનના હિસ્સેદારોને કલમ–૧૩૫(ડી) ની નોટીસ મળેલી અને તે નોટીસ ઉપરથી આ જમીનનું વેંચાણ થઇ ગયેલ હોવાનું ફરીયાદી લોકોને જાણવા મળેલુ અને વાસ્તવમાં તેઓએ આ જમીન વેંચેલી જ ન હોય. આ બાબતે તેઓએ તપાસ કરતા હિરજીભાઇ ભોજા આયડીએ જમીનના તમામ હીસ્સેદારોની ખોટી સહીઓ અને અંગુઠાઓ કરી અને ખોટુ કુલમુખત્યારનામું બનાવી અને તેમાં અજાણયા એડવોકેટની અવાચ્ય સહી કરી ઓળખાણ આવી જામનગરના એડવોકેટશ્રી એમ.કે.પટેલ પાસે નોટરી કરાવેલું. જામનગરના જીતેન્દ્ર જેઠવાને વેંચાણ દસ્તાવેજ કરી આપેલાની ફરીયાદી લોકોને જાણ થયેલી અને આ બાબતે તેઓએ જમીન જેની મઘ્યસ્તીથી વેંચાણ થયેલી તેવુ એટલે કે હિરજીભાઇ ભોજાભાઇના સસરા આલાભાઇ ડાયાભાઇ વિંઝુડા પાસે જઇ આ અંગે વાત કરતા તેઓએ એવુ કહેલ કે, હું મારા જમાઇને વાત કરીશ  અને આલાભાઇ ફરીયાદીના ભાઇના સાળા થતા હોય જેથી ફરીયાદી લોકોએ તેમના પર વિશ્વાસ રાખેલો પરંતુ ત્યારબાદ થોડા દિવસ પછી લાખાભાઇ ડાયાભાઇ ફરીયાદી લોકો પાસે આવેલ અને એવુ કહેલ કે મારા જમાઇએ કરેલુ છે તે બરાબર છે તેમ કહી અને જો પોલીસમા ફરીયાદ કરી છે તો જાનથી મારી નાખવા છે તેવી ધમકી આપેલી. અને ત્યારબાદ જમીનના તમામ હીસ્સેદારોએ ૧૩૫(ડી)ની નોટીસ સામે વાંધા આપેલા અને આ બાબતે આરોપીઓએ ખોટુ કુલમુખત્યાર બનાવી દસતાવેજ કરેલો છે, તે મતલબની ફરીયાદ દાખલ થયેલ છે.

(૨).. ઉપરોક્ત મુજબની ફરીયાદ દાખલ થતા ત.ક.અમલદારે આરોપીઓની અટક કરેલ છે અને કોર્ટ રૂબરૂ રજુ કરતા આરોપીઓને જામીન આપવામાં આવેલ છે અને તેથી આરોપીઓ જામીન મુક્ત થયેલા છે.

(૩).. ત્યારબાદ ત.ક.અમલદારે તપાસ કરતા આરોપીઓ વિરૂદ્ધ પુરતો પુરાવો હોઈ જેથી ત.ક.અમલદારે આરોપીઓ સામે ઇ.પી.કો. કલમ–૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૫૦૬(૨), ૧૨૦(બી), ૧૧૪ મુજબનુ ચાર્ઝશીટ દાખલ કરેલ છે.

(૪).. આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ થયેલ હોઈ અને આરોપીઓ જામીન મુક્ત થયેલા હોઈ જેથી ધોરણસરનો સમન્સ આરોપીઓને કાઢવામાં આવેલ છે જે બજી જતા આરોપીઓ હાજર થતા તેઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ છે.

(૫).. આ કામે આરોપી ઓ વિરૂધ્ધ આંક– ૨૨ થી ઇ.પી.કો. કલમ–૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૫૦૬(૨), ૧૨૦(બી), ૧૧૪ મુજબના ગુનાનુ તહોમતનામુ ફરમાવેલ અને ત્યારબાદ આરીપો નં ૨ અને ૪ના આંક– ૫૭ અને ૫૮ થી આરોપીઓનો જવાબ લેતા આરોપીઓએ તહોમતનામા મુજબના ગુનાનો ઇન્કાર કરેલ છે. જેથી આ કેસ ફરિયાદ પક્ષના પુરાવા માટે મુકરર કરવામાં આવેલ છે.

(૬).. **સદર કામે મુળ ફરીયાદ આધારે એક કેસ ફોજદારી કેસ નં. ૨૮૨/૨૦૧૧થી અત્રેની કોર્ટમાં ચાલેલ છે અને હાલનો કેસ તે કેસના ચાર્ઝશીટ સબંધે પુરવણી ચાર્ઝશીટ છે અને કેસમાં બન્ને પક્ષે સયુંકત પુરશીશ આપી ફોજદારી કેસ નં. ૨૮૨/૨૦૧૧માં જે પુરાવા લેવાયેલ છે તે આ કેસમાં પણ ધ્યાને લેવાનો હુકમ થયેલ છે અને તે આધારે ફોજદારી કેસ નં. ૨૮૨/૨૦૧૧માં રજુ થયેલ પુરાવા આ કેસમાં પણ ધ્યાને લેવામાં આવેલ છે અને આ પુરાવાઓને ફોજદારી કેસ નં. ૨૮૨/૨૦૧૧માં જે આંક આપેલ છે તે જ આંકથી આ કેસ તે પુરાવા અંગેની ચર્ચા કરેલ છે.**

**આ કામે આરોપીઓ પૈકી આરોપી નં. (૧) આલાભાઇ ડાયાભાઇ વિંજુડા ચાલુ ટ્રાયલ દરમ્યાન ગુજરી જતા તેઓની સામેનો કેસ એબેટ કરેલ છે. જયારે આરોપી નં. (૩) રીયાઝખાન ઉર્ફે મુન્નો મહેબુબખાન પઠાણ વરસોથી હાજર નથી તેમજ વારંવાર પકડવોરંટ કાઢવા છતા પકડવોરંટ બજેલ નથી અને તે સંજોગોમાં આંક-૧ લગત વિગતવાર હુકમ કરી આરોપી નં. ૩ સામેની ઈન્સાફી કાર્યવાહી અન્ય આરોપીઓથી અલગ કરી આગળ ચલાવવાનો હુકમ કરેલ છે.**

ફરિયાદ પક્ષ તરફે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**<u>મૌખિક પુરાવાઃ</u>–**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૪૩ | અશોકભાઇ વશરામભાઇ મકવાણાની સોગંદ ઉપરની જુબાની |
| ૨ | ૪૫ | વસંતભાઇ પરસોમભાઇ ભાલોડીયા ની સોગંદ ઉપરની જુબાની |
| ૩ | ૪૭ | ઈસ્માઈલ આમદભાઇ દોદેપોત્રાની સોગંદ ઉપરની જુબાની |
| ૪ | | |
| ૫ | ૪૯ | પુંજાભાઇ મામદભાઇ ખફીની સોગંદ ઉપરની જુબાની |
| ૬ | ૫૯ | હીરાભાઇ રામભાઇ કુહાડીયાની સોગંદ ઉપરની જુબાની |
| ૭ | ૧૬૮ | આલાભાઇ પુંજાભાઇ વારસાખીયાની સોગંદ ઉપરની જુબાની |
| ૮ | ૧૬૯ | પાલાભાઇ નથુભાઇ વારસાખીયાની સોગંદ ઉપરની જુબાની |
| ૯ | ૧૭૦ | વેરશીભાઇ પુંજાભાઇ વારસાખીયાની સોગંદ ઉપરની જુબાની |
| ૧૦ | ૧૭૧ | મલુબેન પુંજાભાઇ વારસાખીયાની સોગંદ ઉપરની જુબાની |
| ૧૧ | ૧૭૨ | અરજણ મુલાભાઇ વારસાખીયાની સોગંદ ઉપરની જુબાની |
| ૧૨ | ૧૭૪ | ભીમશી મુળજીભાઇ વારસાખીયાની સોગંદ ઉપરની જુબાની |
| ૧૩ | ૧૭૫ | ભરત સાજણભાઇ વારસાખીયાની સોગંદ ઉપરની જુબાની |
| ૧૪ | ૧૭૬ | હીરાભાઇ સાજણભાઇ વારસાખીયાની સોગંદ ઉપરની જુબાની |

**દસ્તાવેજી પુરાવાઃ**–

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૪૪ | નોટરીના સીકકા અને સહીના નમૂના લીધેલા અંગેનું પંચનામું. |
| ૨ | ૪૬ | સહીના નમૂના લીધેલા અંગેનું પંચનામું. |
| ૩ | ૪૮ | પાવર ઓફ એર્ટની અને વેચાણ દસ્તાવેજ કબજે કર્યાનું પંચનામું |
| ૪ | ૫૦ | સહીના નમૂના લીધેલા અંગેનું પંચનામું. |
| ૫ | ૬૦ | ઈનપુટ સીટ |
| ૬ | ૬૧ | ફોર્મ નં.૧ |
| ૭ | ૬૨ | કુલમુખત્યારનામાની ખરીનકલ |
| ૮ | ૬૩ | નોટરીના રજીસ્ટરની નકલ |
| ૯ | ૬૪ | સ્ટેમ્પ વેન્ડરના રજીસ્ટરનો ઉતારો |
| ૧૦ | ૬૫ | મામલતદારશ્રી જામજોધપુર સમક્ષ ચાલેલ તકરારી કેસ નં.૧૫૩/૨૦૦૯–૨૦૧૦ના રેકર્ડનો ઉતારો. |
| ૧૧ | ૬૬ | ફરીયાદની ખરીનકલ |

(૭).. આ કામે ફરીયાદપક્ષના પુરાવા પુરા થતા આરોપીઓનું સીઆર.પી.સી. કલમ ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન લેવામા આવેલ છે જેમા તેઓએ ફરીયાદપક્ષના પુરાવાનો ઈન્કાર કરેલ છે અને તેઓ સામે ખોટો કેસ કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે.

(૮).. ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી કુ. કે. કે. પટેલ તથા આરોપીઓ તર્ફે વિ.વકિલશ્રી જે. એમ. જીવરાણીને સાંભળ્યા.

(૯).. ફરિયાદ પક્ષે પડેલ પુરાવા તથા બંને પક્ષોની રજુઆતો ધ્યાને લેતા આ કેસના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**––// મુદ્દા//–**

**મુદ્દા નંબર (૧)**

શું ફરિયાદ પક્ષ નિશંકપણે પણ પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં મોજે સણોસરી ગામ

તાલુકો લાલપુરના રેવન્યુ સર્વે નં.૩૫/પૈકી ૭ વાળી જમીનના રેવન્યુ રેકર્ડમાં જે હીસ્સેદારોના નામ ચાલતા હતા તે હીસ્સેદારોના નામથી ખોટુ પાવર ઓફ એર્ટની તૈયાર કરી અને તેમાં આ જમીનના હીસ્સેદારોની ખોટી સહીઓ/અંગુઠાઓ કરી આ કુલમુખત્યારનામાનો સાચા તરીકે ઉપયોગ કરી શકાય તે માટે ખોટો દસ્તાવેજ તૈયાર કરી કુટલેખન કરેલ છે અને આ રીતે કુટલેખન ધ્વારા તૈયાર કરાયેલ કુલમુખત્યારનામાનો સાચા તરીકે ઉપયોગ કરી રજીસ્ટર વેંચાણ દસ્તાવેજ તૈયાર કરેલ છે અને આ રીતે આરોપીઓએ ખોટો જાહેર દસ્તાવેજ તૈયાર કરેલ છે અને એ આધારે ખોટો વેંચાણ દસતાવેજ કરી વેલ્યુએબલ સીકયુરીટી તૈયાર કરી તે આધારે અન્ય વ્યકિતને આ જમીન વેંચાણ કરી દીધેલ છે અને આ ગુનો આપરવામાં તમોએ આરોપીઓએ ગુનાહીત કાવતરૂ કરી આ ગુનો કરેલ છે અને આ બાબતે જમીનમાંની કોઇ રજુઆત કરતા તેઓને જાનથી મારી નાખવાની ધમકી આપેલ છે અને તેમ કહી આરોપીઓએ ઇ.પી.કોડની કલમ–૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૫૦૬(૨), ૧૨૦(બી), ૧૧૪ મુજબનો ગુનો આચરેલ છે.

**મુદ્દા નંબર (૨)** આખરી શું હુકમ

**(૧૦)..** ઉપરોકત મુદ્દાઓ પરત્વેના અત્રેની અદાલતના નિર્ણયો મીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

**–//<u>કારણો</u>//–**

**<u>મુદ્દા ન.–૧</u>**

**(૧૧)..** સૌપ્રથમ આરોપીઓ સામે આક્ષેપ છે તે જોઇએ તો આરોપીઓએ એકબીજા સાથે મેળાપીપણુ કરી ગુનાહીત કાવતરૂ રચી તે કાવતરાના ભાગ રૂપે

ફરીયાદી અને તેમના સહ માલીકોના નામનુ ખોટુ પાવર ઓફ એર્ટની તૈયાર કરી તે પાવર ઓફ અર્ટની ખોટુ હોવાનું જાણવા છતા તેવા ખોટા પાવર ઓફ અર્ટનીનો ઉપયોગ કરી સ્થાવર મીલકત એટલે કે ખેતીની જમીન બાબતે વેંચાણ દસ્તાવેજ તૈયાર કરેલ હોવાનો આક્ષેપ છે. અને તે સંજોગોમાં આરોપીનું કૃત્યુ ઇ.પી.કોડ કલમ–૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧ માં પડે છે કે કેમ તે બાબતે તપાસમાં સૌપ્રથમ ઇ.પી.કોડની કલમ–૪૬૪ની જોગવાઇ ધ્યાને લેવી પડે અને ઇ.પી.કોડની કલમ–૪૬૪ જોતા તેમાં કુટલેખનની વ્યાખ્યા આપવામાં આવેલી છે. તે વ્યાખ્યા જોતા તેમાં જો કોઇ વ્યકિત જે વ્યકિતના નામની સહી કરેલી છે તે વ્યકિત ખરેખર નથી તેવુ જાણતા હોવા છતા આવી સહી કરે તો તેણે કુટલેખન કરેલુ છે તેવુ કહેવાય. અને હાલમાં કેસમાં આરોપીઓએ ફરીયાદી અને તેમના જમીનના સહમાલીકના નામનું ખોટુ પાવર ઓફ એર્ટની બનાવેલુ છે અને તેમા જમીનના સહમાલીકોની ખોટી સહી કરેલી છે તેવો આક્ષેપ છે જેથી આરોપીઓનું કૃતય ઇ.પી.કોડની કલમ–૪૬૪માં જણાવેલ વ્યાખ્યામાં થતુ હોવાનું જણાય છે. તેજ રીતે ઇ.પી.કોડની કલમ–૪૬૫ કુટલેખન કરવા અંગે સજા અંગેની જોગવાઇ છે જયારે ઇ.પી.કોડની કલમ–૪૬૭માં કોઇ વીલ અથવા વેલ્યુએબલ સીકયુરીટી તૈયાર કરવા માટે કુટલેખન કર્યા અંગે સજાની જોગવાઇ છે અને આરોપીઓએ ખોટા પાવર ઓફ એર્ટનીનો સાચા તરીકે ઉપયોગ કરી સ્થાવર મીલ્કતનો વેચાણ દસ્તાવેજ કરેલ હોવાનો આક્ષેપ છે. જેથી આવુ કૃતય પ્રાથમીક રીતે ઇ.પી.કોડની કલમ–૪૬૭ના ક્ષેત્રાધીકારમાં આવે છે તેજ રીતે ઇ.પી.કોડની કલમ–૪૬૮ જોઇએ તો જયારે છેતરામણી કરવાના હેતુથી કુટલેખન કરવામાં આવે તો તે અંગે સજાની જોગવાઇ કરતી કલમ છે. તેજ રીતે ઇ.પી.કોડની કલમ–૪૭૧ જોતા કુટલેખન કરી તૈયાર કરવામાં આવેલ હોવાનું જાણવા હોવા છતા એવા દસ્તાવેજનો અપ્રમાણીકતાથી અથવા દગલબાજીથી સાચા તરીકે ઉપયોગ કરવામાં આવે તો તે અંગે સજાની જોગવાઇ કરતી કલમ છે. જયારે કલમ–૧૨૦(બી) ગુનાહીત કાવતરૂ કરવામાં આવે ત્યારે આવા કાવતરાના સભ્યોની જવાબદારી દર્શાવતી કલમ છે. જયારે ઇ.પી.કોડની કલમ–૫૦૬(૨) જાનથી મારી નાખવાની ધમકી બાબતે સજાની જોગવાઇ કરતી કલમ છે. જો આરોપીઓ સામે જે આક્ષેપ છે તે જોતા આરોપીઓનું

કૃતય પ્રાથમીક રીતે આક્ષેપીત કલમની જોગવાઇઓમાં પડે છે પરંતુ આક્ષેપ કરવા માત્રથી કોઇ ગુનો પુરવાર થઇ ગયેલ હોવાનું મનાઇ નહીં. અને પુરાવાના કાયદાની કલમ–૧૦૧ મુજબ આરોપીઓ સામેનો ગુનો પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની છે. અને નામદાર સર્વોચ્ચઅદાલત અનેક કેસોમાં એવુ સ્થાપીત કરેલ છે કે, ફરીયાદપક્ષે આરોપીઓ વિરૂધ્ધ ગુનો કોઇપણ જાતની વ્યાજબી શંકાથી પર રહીને પુરવાર કરવો પડે. હવે હાલના કેસમાં ફરીયાદપક્ષે આવી રીતે વ્યાજબી શંકાથી પર રહી આરોપીઓ વિરૂધ્ધનો ગુનો પુરવાર કરેલ છે કે કેમ તે બાબતે જોઇએ તો.......

**(૧૨)..** ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૧૪૧થી પંચ સાહેદ અશોકભાઇ વસરામભાઇ મકવાણાને તપાસેલા છે આ સાહેદે આંક–૧૪૨ના સહીના નમૂના લીધા અંગેનામાં તેઓની પંચ તરીકેની સહી ઓળખી બતાવેલ છે પરંતુ તેઓએ આ સહી કયારે કરેલી તે યાદ ન હોવાનું અને પોલીસે તેમની હાજરીમાં કોઇ પંચનામું કરેલ ન હોવાનું જણાવેલ છે.

આ સાહેદે ફરીયાદપક્ષના કેસને કોઇ સમર્થન કરેલ ન હોય વિ.એ.પી.પી.શ્રી વિનંતીથી તેઓને ફરીગયેલા જાહેર કરવામાં આવેલ છે. અને વિ.એ.પી.પી.શ્રીએ તેઓની વિગતવારની ઉલટતપાસ કરેલ છે પરંતુ ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી કોઇ હકિકત બહાર આવેલ નથી.

(૧૩) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૧૪૬થી પંચ સાહેદ વસંતભાઇ પરસોતમભાઇ ભાલોડીયાને તપાસેલા છે આ સાહેદે આંક–૧૪૭ના સહીના નમૂના લીધા અંગેનામાં તેઓની પંચ તરીકેની સહી ઓળખી બતાવેલ છે પરંતુ તેઓએ આ સહી કયારે કરેલી તે યાદ ન હોવાનું અને પોલીસે તેમની હાજરીમાં કોઇ પંચનામું કરેલ ન હોવાનું જણાવેલ છે.

આ સાહેદે ફરીયાદપક્ષના કેસને કોઇ સમર્થન કરેલ ન હોય

વિ.એ.પી.પી.શ્રી વિનંતીથી તેઓને ફરીગયેલા જાહેર કરવામાં આવેલ છે. અને વિ.એ.પી.પી.શ્રીએ તેઓની વિગતવારની ઉલટતપાસ કરેલ છે પરંતુ ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી કોઇ હકિકત બહાર આવેલ નથી.

(૧૪) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૧૪૮થી પંચ સાહેદ ઇસ્માઇલ આમદભાઇ દોદેપોત્રાને તપાસેલા છે આ સાહેદે આંક–૧૪૯ના સહીના નમૂના લીધા અંગેનામાં તેઓની પંચ તરીકેની સહી ઓળખી બતાવેલ છે પરંતુ તેઓએ આ સહી કયારે કરેલી તે યાદ ન હોવાનું અને પોલીસે તેમની હાજરીમાં કોઇ પંચનામું કરેલ ન હોવાનું જણાવેલ છે.

આ સાહેદે ફરીયાદપક્ષના કેસને કોઇ સમર્થન કરેલ ન હોય વિ.એ.પી.પી.શ્રી વિનંતીથી તેઓને ફરીગયેલા જાહેર કરવામાં આવેલ છે. અને વિ.એ.પી.પી.શ્રીએ તેઓની વિગતવારની ઉલટતપાસ કરેલ છે પરંતુ ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી કોઇ હકિકત બહાર આવેલ નથી.

(૧૫) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૧૫૫થી તપાસ કરનાર અમલદાર હીરાભાઇ રામભાઇ કુહાડીયાને તપાસેલ છે આ સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવુ જણાવેલ છે કે, ''તા.૦૫/૦૫/૨૦૧૦ ના રોજ અમો લાલપુર પોલીસ સ્ટશેનમાં ફરજ બજાવતા હતા ત્યારે ફરીયાદી મુળજીભાઇ નથુભાઇ વારસાખીયાનાઓએ પી.એસ.ઓ.શ્રી બી.ટી. મકવાણાનાઓ રૂબરૂની ફરીયાદ આપેલી. તેઓએ ફરીયાદમાં જણાવેલ કે, આરોપી હીરજીભાઇ ભોજાભાઇ તથા ભગીરથસિંહ દીલુભા, ઇકબાલ દાદાભાઇ, મહેબુબ પઠાણ તથા જીતેન્દ્રસિંહ જશુભા જેઠવાનાઓએ ગુનાહિત કાવતરૂ રચી ઠગાઇના ઇરાદા તેઓની સયુંકત માલીકીની સણોસરી ગામની સીમમાં આવેલી ખેતીની જમીન રેવન્યુ સર્વે નં. ૩૫ પૈકી ૭ વાળિ જમીનનો ફરીયાદી તથા અન્ય ભાગીદારોની ખોટી સહીઓ તથાઅંગુઠાઓ મારી બોગસ કુલમુખત્યારનામું આરોપી હીરજીભાઇ ભોજાભાઇ નામનું બનાવી તેમાં ઓળખ આપનાર વકિલ તરીકે ખોટી સહી કરી તેના દસ્તાવેજ કરાવી

મામલતદાર કચેરીમાં રજુ કરી નોંધ કરાવતા તેઓને આ બનાવની જાણ થયેલી. પી.એસ.ઓ.શ્રીએ ફરીયાદીના લખાવ્યા મુજબની ફરીયાદ લખી લઇ આ ગુનાની આગળની તપાસ અમોને સોંપતા અમોએ તપાસ સંભાળિ લીધેલ. અમોએ આરોપી હીરજીભાઇ ભોજાભાઇ આયડીનાઓના હસ્તાક્ષરનું કુદરતી લખાણ તથા બોગસ કુલમુખત્યારનામામાં ફરીયાદી મુળજીભાઇ નથુભાઇની ખોટી સહી જેવી સહીના નમૂના તથા કુલમુખત્યારનામામાં અન્ય જમીન માલીકના જે અંગુઠાના નીશાનો કરેલા છે તેવા અંગુઠાના નીશાનો એક કાગળમાં ૬ એવા ૬ કાગળમાં ૩૬ અંગુઠાના તથા સહીના નમૂનાઓ અમોએ પંચો રૂબરૂ પંચનામાની વિગતે કબજે કરેલા હતા. અને ત્યારબાદ કુલમુખત્યારનામામાં મોહનભાઇ કાનજીભાઇ પટેલની સહી તથા સીકકાના નમૂના મેળવવાના હોય તેઓની કુદરતી સહી તથા નોટરી તરીકેનું સીલના નમૂનાઓ એક કાગળમાં ૬ એવા ૬ કાગળમાં ૩૬ નમૂનાઓ અમોએ પંચો રૂબરૂ પંચનામાની વિગતે કબજે કરેલ. ત્યારબાદ અમોએ બોગસ દસ્તાવેજ કરવામાં જે બોગસ કુલમુખત્યારનામાનો ઉપયોગ થયેલો તે બોગસ કુલમુખત્યારનામું તથા બોગસ દસ્તાવેજ આરોપી ભગીરથસિંહ દિલુભા ચુડાસમાના મચ્છરનગરમાં આવેલા મકાનમાંથી પંચો રૂબરૂ કબજે કરેલ. ત્યારબાદ લાગતા વળગતા સાહેદોના નીવેદનો લીધેલા. તપાસના કામે જામજોધપુરના ઇન્ચાર્ઝ સબ રજીસ્ટ્રાર બિમલકુમાર જયંતભાઇ અગ્રાવતનું નીવેદન લઇ બોગસ દસ્તાવેજ કરવા માટે દસ્તાવેજ સાથે ઇનપુટશીટ તથા ફોર્મ નં. ૧ અને કુલમુખત્યારનામું રજુ થયેલ તેની ખરીનકલો મેળવી તપાસના કામે સમેલ રાખેલ''. તેવુ જણાવેલ છે. અને વધુમાં એવુ જણાવેલ છે કે, ''અમોએ તપાસના કામે મામલતદારશ્રી જામજોધપુરની કચેરીમાંથી આ ગુનાને લગત તકરારી કેસ નં.૧૫૩/૨૦૦૯-૨૦૧૦ નું રેકર્ડ મેળવી સામેલ રાખેલ.'' **અને** આ ગુનાના કામે આરોપીઓ હીરજીભાઇ ભોજાભાઇ તથા ભગીરથસિંહ દોલુભાની અટક કરેલી આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો મળિ આવતા નામદાર કોર્ટમાં ચાર્ઝશીટ દાખલ કરેલ'' હોવાનું જણાવેલ છે. અને આરોપીઓને તેઓ ઓળખતા હોવાનું જણાવેલ છે.

આ સાહેદની જુબાનીથી ઇનપુટ સીટને દાખલ આંક-૧૫૭, નોટરીના રજીસ્ટરના ઉતારાને દાખલ આંક-૧૫૯, સ્ટેમ્પ વેન્ડરના રજીસ્ટરના

ઉતારાને દાખલ આંક–૧૬૦, મામલતદારશ્રી જામજોધપુર સમક્ષ ચાલેલ તકરારી કેસ નં.૧૫૩/૨૦૦૯–૨૦૧૦ના રેકર્ડના ઉતારાને દાખલ આંક–૧૬૧ અને ફરીયાદને આંક–૧૬૨ આપવામાં આવેલ છે.

આ સાહેદની આરોપીઓ તર્ફે વિ.વકિલશ્રી જે. એમ.જીવરાણીએ ઉલટતપાસ કરેલ છે જેમા તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, જે બનાવની ફરીયાદ હતી તે બનાવ જાન્યુઆરી માસનો હતો અને તે અંગેની ફરીયાદ મે મહિનામાં અપાયેલી હતી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, મોડી ફરીયાદ આપવા અંગેનુ કારણ ફરીયાદમાં જણાવાયેલ ન હતું. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, **આ ગુનાની તપાસમાં હસ્તાક્ષર નિષ્ણાતનો કોઇ અભિપ્રાય મેળવવામાં આવેલ નથી**.

**(૧૬)..** **ફરીયાદપક્ષે** આંક–૧૬૮થી આલાભાઇ પુંજાભાઇ વારસાખીયાને તપાસેલ છે આ સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવુ જણાવેલ છે કે, ''અમારી સયુંકત ખેતીની જમીન સણોસરી ગામની સીમમાં રેવન્યુ સર્વે નં. ૩૫ પૈકી ૭ વાળી અંદાજે સાડા ત્રેવીસ વીધાની બીનપીયત વાળી આવેલી હતી. આ જમીન અમારા બાપદાદાની હતી અને તેમાં વારસદાર તરીકે સાજણભાઇ નથુભાઇ, મુળજીભાઇ નથુભાઇ, પાલાભાઇ નથુભાઇ, પરમાબેન નથુભાઇ, વેરશીભાઇ પુંજાભાઇ, માલુબેન પુંજાભાઇ, અજુભાઇ પુંજાભાઇ, ગૌરીબેન પુંજાભાઇ, દેવીબેન પુંજાભાઇ તથા આલાભાઇ પુંજાભાઇ એમ અમો વારસદારોના નામે દાખલ થયેલ હતી અને આ જમીનનો કબજો ભોગવટો અમારા બધાનો હતો. અને આ જમીન હાલ અમે વેંચાણ કરી દીધેલ છે. પરંતુ અગાઉ આ જમીન બાબતે અમારા નામનું ખોટુ કુલમુખત્યારનામું બની ગયુ છે તેવી અમને શંકા જતા આ બાબતે મુળજીભાઇએ ફરીયાદ આપેલી. તેઓને કોઇ ગેરસમજ થવાના કારણે ફરીયાદ આપેલી હોવાનું અમને જણાઇ છે પરંતુ અમારા નામનો કોઇ ખોટુ કુલમુખત્યારનામું બની ગયુ હોય તેવુ કાંઇ બનેલ નથી અને અમે પોતે જ અમારી જમીન અમારી સમંતીથી વેંચાણ કરી દીધેલી છે. આ જમીન સંદર્ભે કોઇ તકરાર થઇ હોય અને અમને કોઇએ ધમકી આપી હોય તેવુ બનેલ નથી. પોલીસે બનાવ સંદર્ભે મારી પુછપરછ કરેલી.''

આ સાહેદે ફરીયાદપક્ષના કેસને કોઇ સમર્થન કરેલ ન હોય વિ.એ.પી.પી.શ્રી વિનંતીથી તેઓને ફરીગયેલા જાહેર કરવામાં આવેલ છે. અને વિ.એ.પી.પી.શ્રીએ તેઓની વિગતવારની ઉલટતપાસ કરેલ છે પરંતુ ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી કોઇ હકિકત બહાર આવેલ નથી.

આ સાહેદની આરોપીઓ તરફે વિ.વકિલશ્રી જી.એમ.જીવરાણીએ ઉલટતપાસ કરેલ છે જેમા તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, પાવરનામામાં તેમના નામની ખોટી સહીઓ થઇ હોય તેવુ બનેલ નથી.

(૧૭).. **ફરીયાદપક્ષે** આંક-૧૬૯થી પાલાભાઇ નથુભાઇ વારસાખીયાને તપાસેલ છે આ સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવુ જણાવેલ છે કે, ''અમારી સયુંકત ખેતીની જમીન સણોસરી ગામની સીમમાં રેવન્યુ સર્વે નં. ૩૫ પૈકી ૭ વાળી અંદાજે સાડા ત્રેવીસ વીધાની બીનપીયત વાળી આવેલી હતી. આ જમીન અમારા બાપદાદાની હતી અને તેમાં વારસદાર તરીકે સાજણભાઇ નથુભાઇ, મુળજીભાઇ નથુભાઇ, પાલાભાઇ નથુભાઇ, પરમાબેન નથુભાઇ, વેરશીભાઇ પુંજાભાઇ, માલુબેન પુંજાભાઇ, અજુભાઇ પુંજાભાઇ, ગૌરીબેન પુંજાભાઇ, દેવીબેન પુંજાભાઇ તથા આલાભાઇ પુંજાભાઇ એમ અમો વારસદારોના નામે દાખલ થયેલ હતી અને આ જમીનનો કબજો ભોગવટો અમારા બધાનો હતો. અને આ જમીન હાલ અમે વેંચાણ કરી દીધેલ છે. પરંતુ અગાઉ આ જમીન બાબતે અમારા નામનું ખોટુ કુલમુખત્યારનામું બની ગયુ છે તેવી અમને શંકા જતા આ બાબતે મુળજીભાઇએ ફરીયાદ આપેલી. તેઓને કોઇ ગેરસમજ થવાના કારણે ફરીયાદ આપેલી હોવાનું અમને જણાઇ છે પરંતુ અમારા નામનો કોઇ ખોટુ કુલમુખત્યારનામું બની ગયુ હોય તેવુ કાંઇ બનેલ નથી અને અમે પોતે જ અમારી જમીન અમારી સમંતીથી વેંચાણ કરી દીધેલી છે. આ જમીન સંદર્ભે કોઇ તકરાર થઇ હોય અને અમને કોઇએ ધમકી આપી હોય તેવુ બનેલ નથી. પોલીસે બનાવ સંદર્ભે મારી પુછપરછ કરેલી.''

આ સાહેદે ફરીયાદપક્ષના કેસને કોઇ સમર્થન કરેલ ન હોય

વિ.એ.પી.પી.શ્રી વિનંતીથી તેઓને ફરીગયેલા જાહેર કરવામાં આવેલ છે. અને વિ.એ.પી.પી.શ્રીએ તેઓની વિગતવારની ઉલટતપાસ કરેલ છે પરંતુ ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી કોઇ હકિકત બહાર આવેલ નથી.

આ સાહેદની આરોપીઓ તરફે વિ.વકિલશ્રી જી. એમ.જીવરાણીએ ઉલટતપાસ કરેલ છે જેમા તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, પાવરનામામાં તેમના નામની ખોટી સહીઓ થઇ હોય તેવુ બનેલ નથી.

(૧૮).. **ફરીયાદપક્ષે આંક–૧૭૦થી વેરશીભાઇ પુંજાભાઇ વારસાખીયાને** તપાસેલ છે આ સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવુ જણાવેલ છે કે, ''અમારી સયુંકત ખેતીની જમીન સણોસરી ગામની સીમમાં રેવન્યુ સર્વે નં. ૩૫ પૈકી ૭ વાળી અંદાજે સાડા ત્રેવીસ વીધાની બીનપીયત વાળી આવેલી હતી. આ જમીન અમારા બાપદાદાની હતી અને તેમાં વારસદાર તરીકે સાજણભાઇ નથુભાઇ, મુળજીભાઇ નથુભાઇ, પાલાભાઇ નથુભાઇ, પરમાબેન નથુભાઇ, વેરશીભાઇ પુંજાભાઇ, માલુબેન પુંજાભાઇ, અજુભાઇ પુંજાભાઇ, ગૌરીબેન પુંજાભાઇ, દેવીબેન પુંજાભાઇ તથા આલાભાઇ પુંજાભાઇ એમ અમો વારસદારોના નામે દાખલ થયેલ હતી અને આ જમીનનો કબજો ભોગવટો અમારા બધાનો હતો. અને આ જમીન હાલ અમે વેંચાણ કરી દીધેલ છે. પરંતુ અગાઉ આ જમીન બાબતે અમારા નામનું ખોટુ કુલમુખત્યારનામું બની ગયુ છે તેવી અમને શંકા જતા આ બાબતે મુળજીભાઇએ ફરીયાદ આપેલી. તેઓને કોઇ ગેરસમજ થવાના કારણે ફરીયાદ આપેલી હોવાનું અમને જણાઇ છે પરંતુ અમારા નામનો કોઇ ખોટુ કુલમુખત્યારનામું બની ગયુ હોય તેવુ કાંઇ બનેલ નથી અને અમે પોતે જ અમારી જમીન અમારી સમંતીથી વેંચાણ કરી દીધેલી છે. આ જમીન સંદર્ભે કોઇ તકરાર થઇ હોય અને અમને કોઇએ ધમકી આપી હોય તેવુ બનેલ નથી. પોલીસે બનાવ સંદર્ભે મારી પુછપરછ કરેલી.''

આ સાહેદે ફરીયાદપક્ષના કેસને કોઇ સમર્થન કરેલ ન હોય વિ.એ.પી.પી.શ્રી વિનંતીથી તેઓને ફરીગયેલા જાહેર કરવામાં આવેલ છે. અને વિ.એ.પી.પી.શ્રીએ તેઓની વિગતવારની ઉલટતપાસ કરેલ છે પરંતુ

ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી કોઇ હકિકત બહાર આવેલ નથી.

આ સાહેદની આરોપીઓ તરફે વિ.વકિલશ્રી જી. એમ.જીવરાણીએ ઉલટતપાસ કરેલ છે જેમા તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, પાવરનામામાં તેમના નામની ખોટી સહીઓ થઇ હોય તેવુ બનેલ નથી

(૧૯).. **ફરીયાદપક્ષે આંક–૧૭૧થી મલુબેન પુંજાભાઇ વારસાખીયાને** તપાસેલ છે આ સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવુ જણાવેલ છે કે, ''અમારી સયુંકત ખેતીની જમીન સણોસરી ગામની સીમમાં રેવન્યુ સર્વે નં. ૩૫ પૈકી ૭ વાળી અંદાજે સાડા ત્રેવીસ વીઘાની બીનપીયત વાળી આવેલી હતી. આ જમીન અમારા બાપદાદાની હતી અને તેમાં વારસદાર તરીકે સાજણભાઇ નથુભાઇ, મુળજીભાઇ નથુભાઇ, પાલાભાઇ નથુભાઇ, પરમાબેન નથુભાઇ, વેરશીભાઇ પુંજાભાઇ, માલુબેન પુંજાભાઇ, અજુભાઇ પુંજાભાઇ, ગૌરીબેન પુંજાભાઇ, દેવીબેન પુંજાભાઇ તથા આલાભાઇ પુંજાભાઇ એમ અમો વારસદારોના નામે દાખલ થયેલ હતી અને આ જમીનનો કબજો ભોગવટો અમારા બધાનો હતો. અને આ જમીન હાલ અમે વેંચાણ કરી દીધેલ છે. પરંતુ અગાઉ આ જમીન બાબતે અમારા નામનું ખોટુ કુલમુખત્યારનામું બની ગયુ છે તેવી અમને શંકા જતા આ બાબતે મુળજીભાઇએ ફરીયાદ આપેલી. તેઓને કોઇ ગેરસમજ થવાના કારણે ફરીયાદ આપેલી હોવાનું અમને જણાઇ છે પરંતુ અમારા નામનો કોઇ ખોટુ કુલમુખત્યારનામું બની ગયુ હોય તેવુ કાંઇ બનેલ નથી અને અમે પોતે જ અમારી જમીન અમારી સમંતીથી વેંચાણ કરી દીધેલી છે. આ જમીન સંદર્ભે કોઇ તકરાર થઇ હોય અને અમને કોઇએ ધમકી આપી હોય તેવુ બનેલ નથી. પોલીસે બનાવ સંદર્ભે મારી પુછપરછ કરેલી.''

આ સાહેદે ફરીયાદપક્ષના કેસને કોઇ સમર્થન કરેલ ન હોય વિ.એ.પી.પી.શ્રી વિનંતીથી તેઓને ફરીગયેલા જાહેર કરવામાં આવેલ છે. અને વિ.એ.પી.પી.શ્રીએ તેઓની વિગતવારની ઉલટતપાસ કરેલ છે પરંતુ ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી કોઇ હકિકત બહાર

આવેલ નથી.

આ સાહેદની આરોપીઓ તરફે વિ.વકિલશ્રી જી. એમ.જીવરાણીએ ઉલટતપાસ કરેલ છે જેમા તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, પાવરનામામાં તેમના નામની ખોટી સહીઓ થઇ હોય તેવુ બનેલ નથી.

(૨૦).. **ફરીયાદપક્ષે આંક–૧૭૨થી અરજણભાઇ પુંજાભાઇ વારસાખીયાને** તપાસેલ છે આ સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવુ જણાવેલ છે કે, ''અમારી સયુંકત ખેતીની જમીન સણોસરી ગામની સીમમાં રેવન્યુ સર્વે નં. ૩૫ પૈકી ૭ વાળી અંદાજે સાડા ત્રેવીસ વીઘાની બીનપીયત વાળી આવેલી હતી. આ જમીન અમારા બાપદાદાની હતી અને તેમાં વારસદાર તરીકે સાજણભાઇ નથુભાઇ, મુળજીભાઇ નથુભાઇ, પાલાભાઇ નથુભાઇ, પરમાબેન નથુભાઇ, વેરશીભાઇ પુંજાભાઇ, માલુબેન પુંજાભાઇ, અજુભાઇ પુંજાભાઇ, ગૌરીબેન પુંજાભાઇ, દેવીબેન પુંજાભાઇ તથા આલાભાઇ પુંજાભાઇ એમ અમો વારસદારોના નામે દાખલ થયેલ હતી અને આ જમીનનો કબજો ભોગવટો અમારા બધાનો હતો. અને આ જમીન હાલ અમે વેંચાણ કરી દીધેલ છે. પરંતુ અગાઉ આ જમીન બાબતે અમારા નામનું ખોટુ કુલમુખત્યારનામું બની ગયુ છે તેવી અમને શંકા જતા આ બાબતે મુળજીભાઇએ ફરીયાદ આપેલી. તેઓને કોઇ ગેરસમજ થવાના કારણે ફરીયાદ આપેલી હોવાનું અમને જણાઇ છે પરંતુ અમારા નામનો કોઇ ખોટુ કુલમુખત્યારનામું બની ગયુ હોય તેવુ કાંઇ બનેલ નથી અને અમે પોતે જ અમારી જમીન અમારી સમંતીથી વેંચાણ કરી દીધેલી છે. આ જમીન સંદર્ભે કોઇ તકરાર થઇ હોય અને અમને કોઇએ ધમકી આપી હોય તેવુ બનેલ નથી. પોલીસે બનાવ સંદર્ભે મારી પુછપરછ કરેલી.''

આ સાહેદે ફરીયાદપક્ષના કેસને કોઇ સમર્થન કરેલ ન હોય વિ.એ.પી.પી.શ્રી વિનંતીથી તેઓને ફરીગયેલા જાહેર કરવામાં આવેલ છે. અને વિ.એ.પી.પી.શ્રીએ તેઓની વિગતવારની ઉલટતપાસ કરેલ છે પરંતુ ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી કોઇ હકિકત બહાર

આવેલ નથી.

આ સાહેદની આરોપીઓ તરફે વિ.વકિલશ્રી જી. એમ.જીવરાણીએ ઉલટતપાસ કરેલ છે જેમા તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, પાવરનામામાં તેમના નામની ખોટી સહીઓ થઇ હોય તેવુ બનેલ નથી.

(૨૧).. **ફરીયાદપક્ષે આંક–૧૭થી ભીમશીભાઇ મુળજીભાઇ વારસાખીચાને** તપાસેલ છે આ સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવુ જણાવેલ છે કે, ''અમારી એટલે કે મારા પિતા અને કાકાઓ અને ફઇઓ વિગેરેની સયુંકત ખેતીની જમીન સણોસરી ગામની સીમમાં રેવન્યુ સર્વે નં. ૩૫ પૈકી ૭ વાળી અંદાજે સાડા ત્રેવીસ વીઘાની બીનપીયત વાળી આવેલી હતી. આ જમીન અમારા બાપદાદાની હતી અને તેમાં વારસદાર તરીકે સાજણભાઇ નથુભાઇ, મુળજીભાઇ નથુભાઇ, પાલાભાઇ નથુભાઇ, પરમાબેન નથુભાઇ, વેરશીભાઇ પુંજાભાઇ, માલુબેન પુંજાભાઇ, અજુભાઇ પુંજાભાઇ, ગૌરીબેન પુંજાભાઇ, દેવીબેન પુંજાભાઇ તથા આલાભાઇ પુંજાભાઇ એમ અમો વારસદારોના નામે દાખલ થયેલ હતી અને આ જમીનનો કબજો ભોગવટો અમારા બધાનો હતો. અને આ જમીન હાલ અમે વેંચાણ કરી દીધેલ છે. પરંતુ અગાઉ આ જમીન બાબતે અમારા નામનું ખોટુ કુલમુખત્યારનામું બની ગયુ છે તેવી અમને શંકા જતા આ બાબતે મુળજીભાઇએ ફરીયાદ આપેલી. તેઓને કોઇ ગેરસમજ થવાના કારણે ફરીયાદ આપેલી હોવાનું અમને જણાઇ છે પરંતુ અમારા નામનો કોઇ ખોટુ કુલમુખત્યારનામું બની ગયુ હોય તેવુ કાંઇ બનેલ નથી અને અમે પોતે જ અમારી જમીન અમારી સમંતીથી વેંચાણ કરી દીધેલી છે. આ જમીન સંદર્ભે કોઇ તકરાર થઇ હોય અને અમને કોઇએ ધમકી આપી હોય તેવુ બનેલ નથી. પોલીસે બનાવ સંદર્ભે મારી પુછપરછ કરેલી.''

આ સાહેદે ફરીયાદપક્ષના કેસને કોઇ સમર્થન કરેલ ન હોય વિ.એ.પી.પી.શ્રી વિનંતીથી તેઓને ફરીગયેલા જાહેર કરવામાં આવેલ છે. અને વિ.એ.પી.પી.શ્રીએ તેઓની વિગતવારની ઉલટતપાસ કરેલ છે પરંતુ ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી કોઇ હકિકત બહાર

આવેલ નથી.

આ સાહેદની આરોપીઓ તરફે વિ.વકિલશ્રી જી. એમ.જીવરાણીએ ઉલટતપાસ કરેલ છે જેમા તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, પાવરનામામાં તેમના નામની ખોટી સહીઓ થઇ હોય તેવુ બનેલ નથી

(૨૨).. **ફરીયાદપક્ષે આંક–૧૭૫થી ભરતભાઇ સાજણભાઇ વારસાખીયાને** તપાસેલ છે આ સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવુ જણાવેલ છે કે, ''અમારી એટલે કે મારા પિતા અને કાકાઓ અને ફઇઓ વિગેરેની સયુંકત ખેતીની જમીન સણોસરી ગામની સીમમાં રેવન્યુ સર્વે નં. ૩૫ પૈકી ૭ વાળી અંદાજે સાડા ત્રેવીસ વીઘાની બીનપીયત વાળી આવેલી હતી. આ જમીન અમારા બાપદાદાની હતી અને તેમાં વારસદાર તરીકે સાજણભાઇ નથુભાઇ, મુળજીભાઇ નથુભાઇ, પાલાભાઇ નથુભાઇ, પરમાબેન નથુભાઇ, વેરશીભાઇ પુંજાભાઇ, માલુબેન પુંજાભાઇ, અજુભાઇ પુંજાભાઇ, ગૌરીબેન પુંજાભાઇ, દેવીબેન પુંજાભાઇ તથા આલાભાઇ પુંજાભાઇ એમ અમો વારસદારોના નામે દાખલ થયેલ હતી અને આ જમીનનો કબજો ભોગવટો અમારા બધાનો હતો. અને આ જમીન હાલ અમે વેંચાણ કરી દીધેલ છે. પરંતુ અગાઉ આ જમીન બાબતે અમારા નામનું ખોટુ કુલમુખત્યારનામું બની ગયુ છે તેવી અમને શંકા જતા આ બાબતે મુળજીભાઇએ ફરીયાદ આપેલી. તેઓને કોઇ ગેરસમજ થવાના કારણે ફરીયાદ આપેલી હોવાનું અમને જણાઇ છે પરંતુ અમારા નામનો કોઇ ખોટુ કુલમુખત્યારનામું બની ગયુ હોય તેવુ કાંઇ બનેલ નથી અને અમે પોતે જ અમારી જમીન અમારી સમંતીથી વેંચાણ કરી દીધેલી છે. આ જમીન સંદર્ભે કોઇ તકરાર થઇ હોય અને અમને કોઇએ ધમકી આપી હોય તેવુ બનેલ નથી. પોલીસે બનાવ સંદર્ભે મારી પુછપરછ કરેલી.''

આ સાહેદે ફરીયાદપક્ષના કેસને કોઇ સમર્થન કરેલ ન હોય વિ.એ.પી.પી.શ્રી વિનંતીથી તેઓને ફરીગયેલા જાહેર કરવામાં આવેલ છે. અને વિ.એ.પી.પી.શ્રીએ તેઓની વિગતવારની ઉલટતપાસ કરેલ છે પરંતુ ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી કોઇ હકિકત બહાર

આવેલ નથી.

આ સાહેદની આરોપીઓ તરફે વિ.વકિલશ્રી જી. એમ.જીવરાણીએ ઉલટતપાસ કરેલ છે જેમા તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, પાવરનામામાં તેમના નામની ખોટી સહીઓ થઇ હોય તેવુ બનેલ નથી

(૨૩).. **ફરીયાદપક્ષે આંક–૧૭૬થી હીરાભાઇ સાજણભાઇ વારસાખીયાને** તપાસેલ છે આ સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવુ જણાવેલ છે કે, ''અમારી એટલે કે મારા પિતા અને કાકાઓ અને ફઇઓ વિગેરેની સયુંકત ખેતીની જમીન સણોસરી ગામની સીમમાં રેવન્યુ સર્વે નં. ૩૫ પૈકી ૭ વાળી અંદાજે સાડા ત્રેવીસ વીધાની બીનપીયત વાળી આવેલી હતી. આ જમીન અમારા બાપદાદાની હતી અને તેમાં વારસદાર તરીકે સાજણભાઇ નથુભાઇ, મુળજીભાઇ નથુભાઇ, પાલાભાઇ નથુભાઇ, પરમાબેન નથુભાઇ, વેરશીભાઇ પુંજાભાઇ, માલુબેન પુંજાભાઇ, અજુભાઇ પુંજાભાઇ, ગૌરીબેન પુંજાભાઇ, દેવીબેન પુંજાભાઇ તથા આલાભાઇ પુંજાભાઇ એમ અમો વારસદારોના નામે દાખલ થયેલ હતી અને આ જમીનનો કબજો ભોગવટો અમારા બધાનો હતો. અને આ જમીન હાલ અમે વેંચાણ કરી દીધેલ છે. પરંતુ અગાઉ આ જમીન બાબતે અમારા નામનું ખોટુ કુલમુખત્યારનામું બની ગયુ છે તેવી અમને શંકા જતા આ બાબતે મુળજીભાઇએ ફરીયાદ આપેલી. તેઓને કોઇ ગેરસમજ થવાના કારણે ફરીયાદ આપેલી હોવાનું અમને જણાઇ છે પરંતુ અમારા નામનો કોઇ ખોટુ કુલમુખત્યારનામું બની ગયુ હોય તેવુ કાંઇ બનેલ નથી અને અમે પોતે જ અમારી જમીન અમારી સમંતીથી વેંચાણ કરી દીધેલી છે. આ જમીન સંદર્ભે કોઇ તકરાર થઇ હોય અને અમને કોઇએ ધમકી આપી હોય તેવુ બનેલ નથી. પોલીસે બનાવ સંદર્ભે મારી પુછપરછ કરેલી.''

આ સાહેદે ફરીયાદપક્ષના કેસને કોઇ સમર્થન કરેલ ન હોય વિ.એ.પી.પી.શ્રી વિનંતીથી તેઓને ફરીગયેલા જાહેર કરવામાં આવેલ છે. અને વિ.એ.પી.પી.શ્રીએ તેઓની વિગતવારની ઉલટતપાસ કરેલ છે પરંતુ ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી કોઇ હકિકત બહાર

આવેલ નથી.

આ સાહેદની આરોપીઓ તરફે વિ.વકિલશ્રી જી. એમ.જીવરાણીએ ઉલટતપાસ કરેલ છે જેમા તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, પાવરનામામાં તેમના નામની ખોટી સહીઓ થઇ હોય તેવુ બનેલ નથી

આ કામે આંક–૧૭૭થી જમીનના હિસ્સેદારો પૈકી એક હિસ્સેદાર એવા સાજણભાઇ નથુભાઇ વારસાખીયાના મરણનો દાખલો રજુ થયેલો છે.

આ કામે ખોટુ કુલમુખત્યારનામું બનાવી તેનો સાચા તરીકે ઉપયોગ કરી કુલમુખત્યારનામાના આધારે રજીસ્ટર વેંચાણ દસ્તાવેજ બનાવેલાનો કેસ છે. પરંતુ આ કામે હસ્તાક્ષર નિષ્ણાકનો કોઇ પુરાવો રજુ થયેલ નથી. ફરીયાદપક્ષ હસ્તાક્ષર નિષ્ણાતનો પુરાવો રજુ કરવા માટે વારંવાર મુદતો લીધેલ છે પરંતુ રજુ કરેલ નથી. અને અત્રેની કોર્ટથી આ બાબતે વારંવાર રીમાઇન્ડર લેટરો કરવામાં આવેલ છે તેમ છતા હસ્તાક્ષર નિષ્ણાતનો અભિપ્રાય ફરીયાદપક્ષે રજુ કરેલ નથી. અને તપાસ કરનાર અમલદારે પોતાની ઉલટતપાસમાં સ્પષ્ટપણે એ વાતનો સ્વીકાર કરેલ છે કે, આ કામે તેઓએ જે લોકોના ખોટા સહી અંગુઠા કરેલ હોવાનો આક્ષેપ છે તેઓના સહીઅંગુઠાના નમૂના લીધેલા. અને તેમ છતા આ કામે હસ્તાક્ષર નિષ્ણાતનો અભિપ્રાય રજુ કરેલો નથી.

**(૨૪)..** ફરીયાદપક્ષના સમગ્ર પુરાવા જોતા આરોપીઓએ ફરીયાદી અને તેમના જમીનના સહમાલીકોના નામ ખોટી સહીઓ અને ખોટા અંગુઠાઓ કરી ખોટુ પાવર ઓફ એર્ટની તૈયાર કરેલ છે અને તેવા ખોટા પાવર ઓફ એર્ટની આધારે વેંચાણ દસ્તાવેજ બનાવી લીધેલ છે તેવો આક્ષેપ છે પરંતુ આ કામે ફરયાદપક્ષે પંચો સીવાયના જે સાહેદોને તપાસેલ છે તે તમામ જમીનના હીસ્સેદારો છે અને તેથી તેઓ આ ગુનામાં ભોગબનનાર સાહેદો છે અને તેઓએ પોતે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં તેમના નામનો કોઇ ખોટો પાવર ઓફ એર્ટની બનાવાયેલ ન હોવાનું અને આવા ખોટા પાવર ઓફ

એર્ટની આધારે કોઇ વેંચાણ દસ્તાવેજ થયેલ ન હોવાનું જણાવેલ છે. જે જોતા વ્યકિતઓના નામની ખોટી સહીઓ થયાનો આક્ષેપ છે તે વ્યકિતઓએ પોતે તેમના નામની કોઇ ખોટી સહીઓ થયેલ ન હોવાનું જણાવે છે. અને આવા ખુદ ભોગબનનાર સાહેદોએ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરેલ નથી. વિ.એ.પી.પી.શ્રીએ આ સાહેદોની ઉલટતપાસમાં એવી હકિકત લાવવા પ્રયત્ન કરેલ છે કે, આ સાહેદોને આરોપી સાથે સમાધાન થઇ ગયેલ છે અને તેથી તેઓ સોગંદ ઉપર ખોટી હકિકતો જણાવે છે. પરંતુ આવી હકિકત પુરવાર કરવા માટે ફરીયાદપક્ષ અનય પુરાવાથી પોતાનો કેસ પુરવાર કરી શકે પરંતુ જયારે કુટલેખન થયાનો આક્ષેપ છે ત્યારે હસ્તાક્ષર નિષ્ણાતનો પુરાવો સૌથી મહત્વનો પુરાવો ગણાય અને આ કામે તપાસ કરનાર અમલદારની જુબાની જોતા તેઓએ જે વ્યકિતના નામની ખોટી સહીઓ કરેલી છે તે વ્યકિતના સહીના નમૂના લીધા છે અને જે પાવર ઓફ એર્ટની કુટલેખનથી તૈયાર થયેલુ છે તે પણ કબજે લીધુ છે તેવા સંજોગોમાં ખરેખર પાવર ઓફ એર્ટની ઉપર ખોટી સહી થયેલી છે કે કેમ તે હસ્તાક્ષર નિષ્ણાત જણાવી શકેલ હોત પરંતુ આ કામે ફરીયાદપક્ષે હસ્તાક્ષર નિષ્ણાતનો પુરાવો રજુ કરવા માટે ૧૩ વરસ ઉપરાંતનો સમય આપવા છતા અને કોર્ટ ઘ્વારા વારંવાર આ બાબતે રીમાઇન્ડરો કરવા છતા હસ્તાક્ષર નિષ્ણાતનો કોઇ પુરાવો રજુ કરેલો નથી. જે ફરીયાદપક્ષની સત્યતામાં ખુબ જ મોટા પ્રશ્નો ઉભા કરે છે અને ફરીયાદપક્ષના સમગ્ર પુરાવા જોતા આરોપીઓને ગુના સાથે સાંકળે તેવો લેસમાત્ર પુરાવો ફરીયાદપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી અને તે સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂઘ્ધનો ગુનો પુરવાર કરવામાં સરેઆમ નિષ્ફળ નીવડેલ છે તેવા તારણ ઉપર હું આવુ છું. અને તેથી મુદા નં. ૧ નો જવાબ હું નકારમાં આપુ છું. અને મુદા નં.ર અંગે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છું.

આ કામની આરોપી નં. **(૩) રીયાઝખાન ઉર્ફે મુન્નો મહેબુબખાન પઠાણ સામેની ઈન્સાફી કાર્યવાહી અન્ય આરોપીથી અલગ કરી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે પરંતુ ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવા જોતા આરોપી નં. ૩ સામે પણ કોઇ પુરાવા આવેલ નથી અને આ કેસમાં હસ્તાક્ષર નિષ્ણાતનો કોઇ અભિપ્રાય જ રજુ થયેલ નથી અને આ કેસ સને. ૨૦૧૨ની સાલનો પંદર વર્ષ જુનો કેસ છે તે સંજોગોમાં આરોપી નં. ૩ સામે**

**ઈન્સાફી કાર્યવાહી ચાલુ રાખવાનો કોઇ અર્થ રહેતો નથી અને તે સંજોગોમાં સમગ્ર ચર્ચાના અંતે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છું.**

-//આખરી હુકમ//-

(૧) આ કામના આરોપીઓ **(૧) આલાભાઇ ડાયાભાઇ વિંજુડા, (એબેટેડ) (૨) ઇકબાલભાઇ દાદભાઇ જુણેજા, (૩) રીયાઝખાન ઉર્ફે મુન્નો મહેબુબખાન પઠાણ, (૪) જીતેન્દ્રસિંહ ઉર્ફે હકુભા જશુભા જેઠવા**નાઓને તેઓ વિરૂદ્ધના ઇ.પી.કોડની કલમ-**૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૫૦૬(૨), ૧૨૦(બી), ૧૧૪** મુજબનાં શિક્ષાપાત્ર ગુનામાથી ક્રિ.પ્રો.કો.કલમ-૨૪૮(૧) સાથે કલમ-૩૫૩(૬) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ ફરમાવું છું.

(૨) આ કામના આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૪૩૭(એ) મુજબ એપેલેટ કોર્ટમાં તેઓની હાજરી સુનિશ્ચિત કરવાના હેતુથી દરેક આરોપીએ રૂા.૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન અને તેટલી જ રકમનો જાતમુચરકો રજુ કરવો.

(૩) આ કામે બીનકિંમતી મુદ્દામાલમાં બે વ્યકિતના નામો વેંચાણ દસ્તાવેજ છે તે વેંચાણ લેનાર જીતેન્દ્રસિંહ જેશુભા જેઠવાનાઓએ પુરશીશથી આ વેંચાણ દસ્તાવેજ નાશ થવા સામે વાંધો ન હોવાનું જાહેર કરેલ છે તે ધ્યાને લઇ આ કેસના બીનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય વીત્યે નાશ કરવાનો હુકમ ફરમાવુ છું.

આ હુકમ આજ તા.૩૧મી, માહે-જુલાઇ સને-૨૦૨૬નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ-લાલપુર
તા.૩૧/૦૭/૨૦૨૬

(એ.એ.વાયડા)
એડિશ્નલ ચીફ જયુડિશીયલ
મેજીસ્ટ્રેટ, લાલપુર.
યુ.આઇ.સી.નં-જી.જે.૦૦૯૮૬